આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ મિથુન

આજના ગ્રહોની કુંડળી



હોળાષ્ટક ચાલે છે. શુભ કાર્યો ન થઈ શકે. મીનારક કમૂરતાં ચાલે છે. ચાંડાલ યોગ ચાલુ છે. ચંદ્ર રાત્રે અઢી વાગે મીથુન રાશિમાંથી કર્ક રાશિમાં પ્રવેશે છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ આઠમે શનિ - મંગળની યુતિ તેમજ બારમે સૂર્ય આજે તમારે માટે ખરાબ છે. વડવા - વાગવા - દાઝવાથી સાચવવું તેમજ અણધાર્યા ખર્ચા - ખોટા ખર્ચાથી સાવચેત રહેવું. દિવસ મિશ્રફળવાળો જશે.

વૃષભ સ્વગૃહી મંગળ - શનિ સાથે સાતમા સ્થાનમાં સારો ગણાતો નથી. પત્ની સાથે વાદવિવાદમાં ઉતરવું જ પડે તેવો યોગ છે - જીવન સાથી સાથે ઝઘડા ન કરવા પડે તેની સાવધાની રાખવી - દિવસ ઠીક જશે.

મિથુન લગ્ને રાશિમાં ચંદ્રને લીધે આપ માનસિક રીતે જુદા જુદા વિચારોથી દોરાયેલા રહો - આ કરું કે ના કરું - પરિસ્થિતિમાં વારંવાર અટવાવું પડે - દિવસ મધ્યમ ફળ આપનાર જાય.

કર્ક આઠમે બુધ શુક્ર કેતુની યુતિ આપને દિવસ દરમિયાન આર્થિક લાભ આપનાર - મિત્રોને આપેલ નાણાં પરત આવવાના યોગ વાળી અને તમારો આખો દિવસ કુટુંબ સાથે આનંદમાં પસાર થાય એવો યોગ છે.

સિંહ ચાંડાલ યોગના કારણે આપને વ્યગ્રતામાં દિવસ પસાર કરવો પડે - કાંઈ ગમે નહીં અને ડરપોકપણાને કારણે - તમોને - કાંજ ન કરવાના યોગથી પીડાતા - હેરાન થવાનો યોગ છે.

કન્યા સાતમે સૂર્ય કૌટુંબિક વિસંવાદિતા ઊભી કરી શકે છે - પતિ - પત્નીનો અણબનાવ થિ શકે છે - બને તેટલો સંયમ - શાંતિ જાળવી એકબીજા સાથે સમજાવટથી વાતચીતથી પ્રશનોનો ઉકેલ લાવવો હિતાવહ છે.

તુલા છઠ્ઠે સૂર્ય - અગિયારમે ગુરુ - રાહુની યુતિ - પાંચમે બુધ શુક્રની યુતિ વિગેરે સ્થાનોની દ્રષ્ટિએ ઉત્તમ યોગો છે. આખા વર્ષનો શ્રેષ્ઠ દિવસ ગણીને દિવસ પસાર થાય - આનંદમાં રહેશો. સંતાનોથી સુખ મળે.

વૃશ્ચિક પાંચમે સૂર્ય - રાશિપતિ રાશિમાં - યોગથી એસીડીટીથી પીડાવાનો યોગ છે - શક્ય હોય તો જેમ બને તેમ ઓછો ખોરાક લેવો - હેરાન થવાનો યોગ છે - બાકી તંદુરસ્તી જળવાઈ રહેશે - દિવસ મિશ્ર ફળ આપશે.

ધન કેન્દ્રમાં સૂર્ય અને ચંદ્ર ચોથે સાતમે છે - બારમે મંગળ શનિની યુતિ છે - ૭૫ ટકા દિવસ ખરાબ જાય અને ૨૫ ટકા દિવસ સારો જાય - મિશ્ર ફળ મળે - ધીરજ રાખીને સંયમ રાખીને કામ કરવું.

મકર આઠમે રાહુ - ગુરુનો ચાંડાલ યોગ છે - ત્રીજે સૂર્ય છે - અગિયારમે મંગળ - શનિનો શુભ યોગ છે જેથી આપને દિવસ દરમિયાન સાહસ કરવાથી સફળતા મળે અને અન્ય જગ્યાએથી વ્યગ્રતા મળે - મિશ્ર ફળ મળે.

કુંભ રાશિમાં શુભ ગ્રહોની યુતિ સાથે પાંચમા ભુવનમાં ચંદ્ર છે જેથી લક્ષ્મીયોગ અને શુભયોગ થાય છે. બીજે સૂર્ય સારો નથી ગણાતો. તેથી દિવસ સારો વધુને થોડો ખરાબ જાય તેમ છે.

મીન રાશિમાં સૂર્ય - મિનારક - હોળાષ્ટક - છઠ્ઠે ચાંડાલ યોગ એમ બધા જ ખરાબ યોગોને કારણે આપની રાશિને આજે નુકસાન થવા સંભવ છે - બારમે બુધ - શુક્ર - ખોટા ખર્ચા કરાવે - પેશન પાછળ ખર્ચ કરાવે.

ધાણા ગામમાં સરપંચ-તલાટીની મનમાનીથી ગ્રામજનો ત્રાહિમામ

ધાનેરા, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાના ધાણા ગામના સરપંચ અને તલાટી ગામમાં પોતાની મનમાની ચલાવતા હોવાથી ઉપ સરપંચ સહીત આખુ ગામ તલાટી અને સરપંચ સામે કાયદેસર પગલા ભરવા માટે તંત્રને રજૂઆત કરી રહ્યું છે. ગામના સરપંચ ગામમાં ગામના લોકોના હિત માટે નહિ પણ પોતાના હિત માટે કામો કરાવે છે અને સરકારને લાખો રૂપિયાનો ચૂનો લગાવી રહ્યા છે તેવી ગામમાં રાડ ઉઠવા પામી છે.

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના ધાણા ગામની કે જ્યાં ગામલોકોએ ગામમાં સરપંચ તરીકે જમનાબેન દશરથભાઈ વાઘેલા વિજય બન્યા હતા અને ગામલોકોની આશા હતી કે જીત્યા પછી અમારા ગામનો કેક વિકાસ થશે. ગામના લોકોના હિત માટે કેંક કામો થશે પણ અહીં તો કેંક અલગ જોવા મળી રહ્યું

છે. ત્યારે ગામલોકો અને ગામના ઉપ સરપંચ જણાવી રહ્યા છે કે ગામમાં સરપંચ તો છે જમનાબેન, પણ બધો વ્યવહાર તેમના પતિ દશરથભાઈ કરે છે. આ દશરથભાઈ અને ગામના તલાટી શ્રી ભરતભાઈ પટેલ સાથે મળી ગામમાં પોતાની મનમાની ચલાવી રહ્યા છે અને સરકારને લાખો રૂપિયાનો ચૂનો લગાડી રહ્યા છે. ત્યારે હવે જો આ સરપંચ અને તલાટી સામે જો અત્યારે તંત્ર તપાસ કરે તો તેમના મોટા કૌભાંડ બહાર આવવાની શક્યતા છે. હવે જો વાત કરવામાં આવે ગામમાં રહેલા પાણીના બોરની તો ગામનો બોર છેલ્લા ૧૨ મહિનાથી બંધ હાલતમાં પડી રહેલો છે. પાણીની મોટર બોરમાં પડી જતા આ બોર ધૂળ ખાઈ રહ્યો છે. ત્યારે ગામના ઉપ સરપંચ અને ગામલોકો દ્વારા આ બાબતે સરપંચ તેમજ તંત્રને વારંવાર જાણ કરવા છતાં કોઈજ સાંભળતુ નથી તેવું ગામ લોકો જણાવી રહ્યા છે.

ગામનો બોર ચાલુ હાલત માજ છે પણ જો અંદર પડી ગયેલી મોટર બહાર નીકળી તેને રીપેર કરવામાં આવે તો આ બોર ચાલુ થઈ શકે તેમ છે પણ ગામના સરપંચ અને તલાટી ગામમાં નવો બોર બનાવવા માટે સરકારને રજૂઆત કરી રહ્યા છે અને સામાન્ય ખર્ચ કરવાના બદલે નવો બોર બનાવી સરકારને લાખો રૂપિયાનું નુકશાન પહોંચાડવાની કવાયત હાથ ધરી છે. ત્યારે ગામ લોકો અને ઉપ સરપંચ જણાવી રહ્યા છે કે સરપંચ પોતાના ખેતરમાં ખેતી કરી શકે તે માટે તે નવો બોર બનાવવા માંગે છે અને પોતાના ખેતરની આજુબાજુ બોર બને તેવું ઈચ્છી રહ્યા છે. ત્યારે હવે ગામમાં આ બોર બગડી ગયો હોય અને નવો બોર બનાવવો હોય તે જ જગ્યા પર બનાવે કેમ બીજી જગ્યાએ બનાવી રહ્યા છે. સાંભળો શું કહે છે ઉપ સરપંચ અને ગ્રામજનો છેલ્લા બાર મહિનાથી આ બોર ખુલ્લી હાલતમાં પડી રહેલો જોવા મળે છે અને આ ખુલ્લી હાલતમાં પડેલો બોર જ તંત્રની બેદરકારી બતાવી રહ્યો છે. આ બોરની બાજુમાં આંગણવાડી કેન્દ્ર પણ આવેલું છે જ્યાં નાના નાના બાળકો આવતા હોય છે અને જો આ ખુલ્લા બોરમાં કોઈ બાળક પડી જાય તો તેના માટે જવાબદાર કોણ તે એક પ્રશ્ન ઉભો થાય છે.

શામળાજી પંથકમાં ૨૪ કલાકમાં ત્રણ અકસ્માતમાં ત્રણના મોત

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી પંથકમાં ૨૪ કલાકની અંદર ત્રણ અલગ અલગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓના મોત નિપજતા શામળાજી પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી. મંગળવારે બપોરે ૩ વાગ્યાના સુમારે કાર ચાલકે બાઈક ચાલકને અડફેટે લેતા મોત નિપજ્યું હતું. જ્યારે રાત્રીના સમયે અજાણ્યા વાહનની ટક્કરે યુવાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજ્યું હતું. બુધવારે વહેલી સવારે રોડ ક્રોસ કરતા રાહદારીને અજાણ્યા વાહને ટક્કર મારતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. શામળાજી પોલીસે ત્રણ અકસ્માતમાં એક કાર સહિત બે અજાણ્યા વાહનોના ચાલકો સામે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

શામળાજી પંથકમાં અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર સુનોખ પાટીયા નજીક મંગળવારે બપોરે બાઈક (ગાડી નં. જીજે૯એકે.૩૧૦૪) લઈને પસાર થતો બાઈક ચાલક રાજુભાઈ લલ્લુભાઈ ખરાડી (રહે. મેહેરૂ, તા. ભિલોડા) ઉં.વ. ૨૯ વર્ષએ તથા પાછળ બેઠએલ કિશનભાઈ વિશ્રામભાઈ ગામેતીને પાછળથી પુરઝડપે ગફલતભરી રીતે હંકારી કાર (ગાડી નં. એમએચ.૧૪.ઈવાય.૭૧૪૭)ના કારચાલકે અડફેટે લેતા બાઈચાલક રાજુભાઈ લલ્લુભાઈ ખરાડી રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. પાછળ બેઠેલ વ્યક્તિના શરીરે ઈજાઓ પહોંચતા તાબડતોડ સારવાર અર્થે ખસેડાયો હતો. કારચાલક અકસ્માત સર્જી કાર ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયો હતો. મંગળવારે રાત્રીના સમયે શામળાજી-ભિલોડા રાજ્ય ધોરી માર્ગ પર પસાર થતા નવા વેણપુર ગામના સમીરભાઈ મોતીભાઈ નીનામા (ઉં.વ. ૧૮)ની બાઈક (નં. જીજે૩૧બી.૧૨૬૯)ને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા બાઈકચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજ્યુ હતુ. બુધવારે વહેલી સવારે શામળાજી-હિંમતનગર નેસનલ હાઈવે નં. ૮ પર વેણપુર ગામની સીમમાં ટ્રકના ટાયરમાં ગ્રીસ પુરવાનુ કામકાજ કરતા બાજકોટ (દેવરાજ)ના દલાભાઈ મોહનભાઈ નટ (ઉં.વ.૬૫) રોડ ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે રાજસ્થાન તરફથી આવતી અજાણી ફોર વ્હીલ ગાડીના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા વૃદ્ધ રોડ પર પટકાઈ ગયા હતા. કારની ટક્કરથી શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અજાણ્યા વાહનની ટક્કર જીવલેણ સાબીત થતા વૃદ્ધનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. શામળાજી પંથકમાં ૨૪ કલાકની અંદર ત્રણ અકસ્માતની ઘટનાઓ બનતા જાણે યમદૂતે પડાવ નાખ્યો હોય તેમ ત્રણ વ્યક્તિઓના અકસ્માતમાં મોત નિપજ્યા હતા. શામળાજી પોલીસે ત્રણ મૃતકના પરિવારજનોની ફરીયાદના આધારે એક હુન્ડાઈ કાર ચાલક સહિત અન્ય બે અજાણ્યા વાહનચાલકો વિરૂદ્ધ અકસ્માતે મોત નિપજવાનો ગુન્હો નોંધી ત્રણેય વાહનચાલકોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

પુસ્તક કૌભાંડ શિક્ષણાધિકારી કચેરીના હેડ કલાર્કની ધરપકડ

પાઠય પુસ્તક મંડળ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અંદાજે રૂ. ૫૫ લાખથી વધુના પુસ્તકો સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના હવાલે કર્યા હતા. પરંતુ બુરી દાનત ધરાવતા કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓએ મા સરસ્વતીનું અપમાન કરી આ પુસ્તકો રૂ. ૨ લાખમાં પસ્તીમાં વેચી દેવાનો કારસો રચ્યો હતો. બીજી તરફ જિલ્લામાં આ સંદર્ભે હો હો થતાં સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. જે અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ બાદ શિક્ષણાધિકારી કચેરીના કેટલાક કર્મચારીઓને માથે પનોતી બેઠી હતી. દરમિયાન ગાંભોઈ પોલીસે અત્યાર સુધી ચાર જણાની ધરપકડ કરી હતી. જોકે સોમવારે આ જ પ્રકરણમાં પોલીસે શિક્ષણાધિકારી કચેરીના હેડકલાર્કની ધરપકડ કરીને પુછપરછ હાથ ધરતા શિક્ષણ આલમમાં ચકચાર મચી ગઈ છે.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રૂ. ૫૫ લાખથી વધુની કિંમતના પુસ્તકો પસ્તીમાં બારોબાર વેચી દેવાના કૌભાંડનો પર્દાફાશ થયા બાદ ગાંભોઈ પોલીસે અગાઉ પ્રહલાદ વાઘેલા, અમીત વ્યાસ, વિનોદ સમદાણી અને સીનીયર કલાર્ક ભરત પંડિતની ધરપકડ કરી હતી. જોકે ભરત પંડિત સિવાય અન્ય ત્રણના રિમાન્ડ પૂર્ણ થતા સોમવારે તેમને જેલમાં મોકલી દેવાયા હતા બીજી તરફ ભરત પંડિતે પુછપરછ દરમિયાન ગાંભોઈના પીએસઆઈ કોમલ રાઠોડ સમક્ષ જણાવ્યું હતું કે જે તે વખતે મને પુસ્તક વિતરણની જવાબદારી સોંપાઈ હતી ત્યારે તેની રસીદો હેડ કલાર્ક દીતાજી એસ. ઠાકોરને સુપ્રત કરી હતી.

દરમિયાન પુસ્તક કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ તત્કાલિન જિલ્લા શિક્ષણાધિકારી ચૌધરીએ તપાસ કચેરીના ઉચ્ચ અધિકારીઓને સોંપી હતી ત્યારબાદ તેમણે રજુ કરેલા અહેવાલમાં કેટલીક વિગતો અસ્પષ્ટ દર્શાવી હતી જ્યારે ભરત પંડિતે પોલીસ સમક્ષ આપેલી જુબાનીમાં હેડ કલાર્ક ઠાકોરનું નામ ખુલતા તેમને સોમવારે તેમની ગાંભોઈ પોલીસે ધરપકડ કરી લીધી હતી.

આસારામ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. ત્રણ સાક્ષીઓની હત્યા ઉપરાંત કાર્તિકે ચાર અન્ય લોકોની હત્યા કરવાના પ્રયાસ કર્યા હતા જે જોધપુર અને અમદાવાદમાં જેલમાં રહેલા આસારામ સામે નોંધવામાં આવેલા બળાત્કાર કેસના સંબંધમાં સીધીરીતે જોડાયેલા હતા. જુબાની આપતા આસારામના આ નજીકના શખ્સે પોલીસ સમક્ષએમ પણ કહ્યું હતું કે, આસારામના સાધક રાજુ ચાંડક ઉપર હુમલો આસારામના કહેવાથી કરાયો હતો. ચાંડક ૨૨ વર્ષથી આશ્રમમાં સેવા કરી રહ્યો હતો. ૨૦૦૨માં આશ્રમ સાથે તેના સંબંધો જોડાયા હતા. આ વર્ષે ૧૦મી સપ્ટેમ્બરના દિવસે ચાંડકે જસ્ટિસ બીકે ત્રિવેદી પંચ સમક્ષ પોતાની જુબાની આપી હતી. આ પંચ જુલાઈ ૨૦૦૮માં આશ્રમમાં બે બાળકોના મોતના મામલામાં તપાસ કરે છે. ૭૪ વર્ષીય આસારામ ઓગસ્ટ ૨૦૧૩થી જેલમાં છે. ૧૬ વર્ષીય સ્કૂલી બાળા સાથે અત્યાચાર કરવાના મામલામાં આસારામ હાલ જેલમાં છે. કાર્તિકની જુબાનીથી તેમની મુશ્કેલીમાં વધુ વધારો થઈ શકે છે. આસારામ કેસના સાક્ષીઓ ઉપર વારંવાર હુમલાના પરિણામ સ્વરુપે સુરક્ષા વ્યવસ્થા પણ વધારવામાં આવી છે. વારંવાર સાક્ષીઓની સુરક્ષા વધારવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. કાર્તિકની જુબાની બાદ ફરી એકવાર અન્ય સાક્ષીઓની સુરક્ષાને લઈને મામલો ગરમ બને તેવી શક્યતા છે.

વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આ મુદ્દે ચર્ચા થઈ ત્યારે સૂચન કર્યુ છે કે મૂળ ગામને જતી ગ્રાન્ટો પંચાયતી ગ્રામ જે નવુ બન્યુ છે જેને પંચાયતનો દરજ્જો મળી ચુક્યો છે એને પણ મૂળ ગામમાંથી ગ્રાન્ટનો હિસ્સો મળે એ માટે અભ્યાસ કરવામાં આવે. કયા કયા પ્રકારની ગ્રાન્ટો એ નવી પંચાયતને મળવા પાત્ર છે પણ રેવન્યુ વિલેજ નહિ હોવાને કારણે મળતી નથી તો રેવન્યુ વિલેજ ભલે ના થાય કારણ કે રેવન્યુ વિલેજની પ્રક્રિયા ઘણી જટિલ અને ઘણી લાંબી છે પણ મૂળ ગામની ગ્રાન્ટ નવા પંચાયત વાળા પેટા ગામવાળાને પણ મળે એ પ્રમાણે અભ્યાસ કરવા અને અહેવાલ આપવા જણાવ્યું છે.

સરકાર હકારાત્મક વલણ ધરાવે છે. સરકાર ઈચ્છે છે કે સરકારની કરોડો રૂ.ની ગ્રાન્ટ જે આખા ગુજરાતના તમામ ગામોને નાગરિકોને મળવા પાત્ર છે એનો હિસ્સો દરેક ગામોને મળે એ ગ્રામ પંચાયતોને આપવાનું કામ કરવાની પ્રક્રિયા સરકારે કરી છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી રેવન્યુ વિલેજ નહિ હોય તો પણ સરકારની મળવાપાત્ર ગ્રાન્ટ ગ્રામપંચાયત ધરાવતા ગામોને આપણે આપીશુ.

કોંગીના બળદેવજી ઠાકોરના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આટલી પ્રક્રિયા ચાલુ કરવા દરખાસ્ત મોકલવા માટેના નિયમો છે એ બધુ પૂર્ણ થાય સરકારમાં દરખાસ્ત આવે પછી સરકાર વ્યાજબી રીતે યોગ્ય નિર્ણય કરશે.

● ગામતળની જમીન

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામાં ગામોની જમીન ગામતળ માટેની દરખાસ્ત અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે કલોલ તાલુકામાં ૬૭ ગામોની ૭૪૬ હેક્ટર ૯૯ આરે ૦૪ ચો.મી. જમીન ગામતળ માટે ઉપલબ્ધ છે.

તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે સઈજ ગામની ગામતળ નીમ કરવાની દરખાસ્ત હાલ પડતર છે અને તેનો પણ બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

● જિલ્લામાં સહકારી મંડળીઓ

કોંગીના માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ સહકારી મંડળીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે જિલ્લામાં ૧૩ પ્રકારની નોંધાયેલ સહકારી મંડળીઓ છે. જેની સંખ્યા ૨૩૭૭ છે. સૌથી વધુ હાઉસીંગ/સર્વીસ મંડળીઓ છે જેની સંખ્યા ૧૨૬૪ છે. ૧૩૨ મજૂર મંડળી, ૩૬૭ દૂધ મંડળીઓ, પેકલ મંડળીઓ ૧૭૬, કર્મચારી ધિરાણ મંડળી ૧૦૬ અન્ય ધિરાણ મંડળી ૬૪, સિંચાઈ મંડળીઓ ૯૪, ખેતી મંડળીઓ ૨૯, કન્ઝ્યુમર્સ મંડળીઓ ૫૧, માર્કેટીંગ પ્રોસેસીંગ મંડળીઓ ૮૬ છે.

આ મંડળીઓમાં નોંધાયેલા સભ્યોની સંખ્યા ૩,૪૧,૩૦૩ છે.

● કલોલમાં સબજેલ

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ જિલ્લાના કલોલ તાલુકામાં સબ જેલ બનાવવા માટે કોઈ આયોજન કે વિચારણા છે તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી ગૃહે જણાવ્યું છે કે આવુ કોઈ આયોજન કે વિચારણા છે નહિ.

● મામલતદાર કચેરીઓનું મહેકમ

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે જિલ્લાની મામલતદાર કચેરીઓના મંજૂર મહેકમ સામે ખાલી જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે મંજૂર મહેકમ સામે ૫૦ જગ્યાઓ ખાલી છે. જેમાં ૧૯ મહેસુલી તલાટીની જગ્યાઓ અને બે મામલતદાર સંવર્ગની જગ્યાઓનો સમાવેશ થાય છે.

ઈ-કેટેરિંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિનામાં દેશના ૪૫ સ્ટેશન પર પ્રાથમિકરીતે શરૂ કરવામાં આવી હતી. હવે આને ૪૦૮ રેલવે સ્ટેશન પર શરૂ કરવામાં આવી ચુકી છે. એટલે કે હવે તમામ એ અને એ૧ સ્ટેશન પર યાત્રીઓને ઈ-કેટેરિંગની સુવિધા મળી શકશે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુ દ્વારા આની જાહેરાત કરવામાં આવી હતી. આ સેવા પ્રભુએ ગઈકાલે શરૂ કર્યા બાદ યાત્રીઓને હવે મોટા ભાગના મોટા સ્ટેશન પર આ સુવિધા મળી જશે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ બજેટમાં કરવામાં આવેલા વધુ એક વચનને પાળીને લોકોની ઈચ્છા પૂર્ણ કરી હતી. ભારતીય રેલવે અને આઈઆરસીટીસીના અધિકારીઓએ કહ્યુ છે કે આ સુવિધા શરૂ કરવામાં આવ્યા બાદ હવે યાત્રીઓની પાસે ભોજનના અનેક વિકલ્પ રહેશે. એટલુ જ નહી ઈ-કેટેરિંગના ભોજન મંગાવવા માટે પણ કેટલાક વિકલ્પ આપવામાં આવનાર છે. આ રીતે યાત્રીઓને પ્રવાસ દરમિયાન રસ્તામાં આમાંથી કોઈ પણ સ્ટેશન માટે ભોજન બુક કરાવી શકાશે. ઓર્ડર માટે પણ ત્રણ વિકલ્પ આપવામાં આવ્યા છે. સુત્રોએ કહ્યુ છે કે ભોજન માટે લઘુત્તમ ૬૦ રૂપિયાના ઓર્ડર કરવા પડશે. જો યાત્રી ૩૦૦ રૂપિયાના ઓર્ડર કરે છે તો તેને ૧૦ ટકાની રાહત આપવામાં આવનાર છે. સ્ટેશન પર ભોજન મંગાવવા માટે બે કલાક પહેલા ઓર્ડર આપવાની જરૂર પડશે. આના માટે તેની પાસે કુલ ચાર વિકલ્પ રહેશે.પહેલા વિકલ્પ હેઠળ યાત્રી ૧૩૨૩ નંબર પર ડાયલ કરીને પોતાના પસંદગીના ભોજનનો ઓર્ડર આપી શકે છે. તે કેશ ઓન ડિલિવરી પર ભોજન મંગાવી શકે છે. આના માટે યાત્રીને રોકડમાં નાણાં ચુકવવા પડશે. જ્યારે અન્ય વિકલ્પ એન્ડ્રોઈડ અથવા તો આઈઓએસ પ્લેટફોર્મ પર ફુડ ઓન ટ્રેક એન્ડ એપ ડાઉનલોડ કરીને ઓર્ડર આપી શકાય છે. યાત્રીઓને નવી નવી સુવિધા આપવા માટે રેલવે તૈયાર છે.

પેપર સરળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શકે તેવુ પેપર હતુ. વિષય નિષ્ણાંત મૌલિન ત્રિવેદીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે બાયોલોજીનુ પેપર પાઠયપુસ્તક આધારિત અને સરળ હતુ જયારે થિયરીના વિભાગમાં પણ પ્રશ્નો બેઠા પાઠયપુસ્તકમાંથી જ પુછવામાં આવ્યા હતા. જયારે થિયરીના એક પ્રશ્નમાંથી એમ સી કયુનો ઉત્તર મળી જાય તે મુજબનો પુછાયો હતો. વિદ્યાર્થીઓની અપેક્ષા કરતા પણ સહેલુ પેપર હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જીવવિજ્ઞાનની પરિક્ષામાં જિલ્લામાંથી ૨૮૪૭ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જયારે ૭૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા.

એકંદરે સહેલુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. જિલ્લામાંથી ૨૫૨૯૧ પૈકી ૨૪૭૯૫ એ પરિક્ષા આપી હતી. એગ્રેજીના પેપરમાં યુવા પ્રતિભામાં તમારી શાળાએ ભાગ લીધો તે અંગે અહેવાલ પુછાયો હતો. આ ઉપરાંત પોલીસમેન અંગે નિબંધ પુછાયો હતો. જયારે આધુનિક ગામડાની મુલાકાત અંગે પણ નિબંધ પુછાયો હતો. વર્ગખંડમાં સહાધ્યાયીને ફી ભરવામાં આર્થિક મદદ અંગે પણ પત્ર લેખનનો પ્રશ્ન પુછાયો હતો. સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના વિષય નિષ્ણાંત મોલિક શુકલએ જણાંવ્યુ હતુ કે અંગ્રેજીનુ પેપર સરળ અને સંપુર્ણ બ્લયુ પ્રિન્ટ આધારિત હતુ. જયારે સે-૨૩ સ્વામિનારાયણ હાઈસ્કુલના અંગ્રેજી વિષયના શિક્ષક અરવિંદ વાઘરોડીયાના મતે અંગ્રેજીનુ પેપર મધ્યમ કક્ષાનુ હતુ. જેમાં સમાનાર્થી શબ્દોએ વિદ્યાર્થીઓને ગુંચવ્યા હતા જયારે કેટલાક કીસ્સામાં બોર્ડની ક્ષતિઓ પણ ધ્યાને આવી હતી. ટુંકનોંધ સ્વાધ્યાયમાં આપી જ નથી. જેથી વિદ્યાર્થીઓને ૩ ગુણ મેળવવા મુશ્કેલી પડે શકે તેમ પણ ધ્યાને આવ્યુ છે. પેસિવ અને એક્ટિવ વોઈસ સરળ હતા.

મોતિયાનું ઓપરેશન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જતાં હોસ્પિટલનો માહોલ ગરમાવા પામ્યો હતો.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ, ગત શુક્રવારના રોજ મણીનગર વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એલજી હોસ્પિટલમાં આંખના વિભાગમાં મોતીયાનું ઓપરેશન પાંચ દર્દીઓ ઉપર કરવામાં આવ્યું હતું. જે પાંચ દર્દીઓ ઉપર મોતીયાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તેમાં ત્રણ મહિલા અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થતો હતો. દર્દીઓ પૈકી અમદાવાદના ત્રણ અને બે બહારના દર્દીઓ હતા. સત્તાવાર સુત્રોના જણાવ્યા મુજબ, શુક્રવારના રોજ મોતીયાનું ઓપરેશન કરવામાં આવ્યા બાદ શનિવારે એક દર્દી હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં તેમણે ડોકટરને આંખે ઓછું દેખાતું હોવાની ફરીયાદ કરી હતી. ફરી પાછુ સોમવારના રોજ બીજા બે દર્દીઓએ પણ તેમને આંખે બિલ્કુલ દેખાતું ન હોવાની ફરીયાદ કરતાં તંત્ર હરકતમાં આવ્યું હતું. દરમિયાન મંગળવારના રોજ દિવસભર એલજી હોસ્પિટલમાં તપાસનો ધમધમાટ ચાલુ રહેવા પામ્યો હતો.

ક્યા કારણસર આમ બનવા પામ્યું તે અંગેના કોઈ ચોક્કસ તારણોને બદલે અનુમાન લગાવવામાં આવી રહ્યા હતા. હોસ્પિટલના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, આમ, સર્જીકલ ઈન્ફેકશનના કારણે બનવા પામ્યુ હોવાની શંકાના આધારે ઓપરેશનમાં ઉપયોગમાં લેવામાં આવેલા તમામ સાધનો એકઠા કરીને તેને લેબોરેટરીમાં તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.

મનના ઉમંગો ● ૪ પાનાનું ચાલુ...

પણ નથી, હા, ગૌતમ નામનો મનુષ્ય મરણ પામશે. પરંતુ બુદ્ધ તો જીવશે જ. બુદ્ધ સત્ય છે. જે સત્યને માને છે એ મારો શિષ્ય છે. બુદ્ધ આટલું કહી અટકી જતા નથી, આગળ કહે છે : 'આનંદ, મારા દેહાવસાન પછી પંથમાં કોઈ 'રાસ્તા' (જેવું શાસન ચાલે એવો નાયક) નહીં રહે એવો ભ્રમ ન સેવતા. મેં શીખવેલા ધર્મ અને વિનય જ તમારો 'શાસ્તા' થશે. બુદ્ધના નોંધાયેલા છેલ્લા શબ્દો આ છે : 'હે ભિક્ષુઓ, સંસ્કાર વ્યયધર્મી છે. સાવધાનીથી વર્તજો.' આ શબ્દો ઉચ્ચારી તથાગત પરમ ધ્યાનની અવસ્થામાં સરી પડ્યા. તેલ ખૂટવાથી મશાલ જેમ આપોઆપ હોલવાય છે, તેમ તથાગતનું ચિત્ત એને એજ સ્થળે વિમુક્ત થયું.' (પૃ.૧૫૪)

સ્વામી વિવેકાનંદનો વિચાર કરીએ ત્યારે કંઈ કેટલાય પ્રસંગો નજર સામે આપણે જ જોયા હોય એ રીતે તાજા થાય છે.

વિવેકાનંદ શાકુન્તલના કણ્વ ઋષિની માફક પોતાનાં પ્રિય પશુઓ સાથે પણ પ્રેમભાવ રાખતા હતા. તેમનો કૂતરો બાધા જયારે પણ ગ્રહણ પૂર્ણ થવાનું સૂચન કરતો. શંખદાન થાય ત્યારે ગંગાસ્થાન માટે જતો. બકરી હંસીને દોહતાં પહેલાં એ એની સંમતિ માગતા. ગળામાં ઘંટડી બાંધેલા બચ્ચાં માતા સાથે એ બાળકની જેમ રમતાં. હરણ, બતક, ગાય, ઘેટાં વગેરે સાથે તેમને નેહનો નાતો હતો.

એ જીવનની છેલ્લી ક્ષણ સુધી નવા શિષ્યો માટે વેદાંતના વર્ગો લેતા હતા. ધ્યાન, આકરી શિસ્ત, આત્મશ્રદ